શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૫

# સંબોધ પ્રકરણ

# સંબોધ સિત્તરી - પંચસૂત્ર

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

આજ્ઞા : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ
અને પ. પૂ. આ. ભ. શ્રીમદ્
આશીર્વાદ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.

રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

સંપાદક : મુનિ ભવ્યસુંદરવિજય

પ્રકાશક : શ્રમણોપાસક પરિવાર
A/301, હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.
કિશોરભાઈ Mo. 98691 48094
shraman.parivar@gmail.com

આવૃત્તિ : પ્રથમ વર્ષ : વિ. સં. ૨૦૭૨

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

# પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| મુંબઈ | પ્રકાશક |
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

# સ્વાધ્યાયનો સ્વાદિષ્ટ રસથાળ

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્વાધ્યાય વિના
સંયમજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.
જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્વાધ્યાય [જ્ઞાન] નો
તપમાં સમાવેશ કરી દીધો છે!
અને સ્વાધ્યાય માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ વિદ્વદ્વર્ય
મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાં વેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.
૫૦ જેટલા ગ્રંથોમાંથી ૧૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ 3000 ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, બાળકો
અને મુમુક્ષુઓ સમજી શકવાના
એમણે કરેલા આ સ્તુત્ય અને
સાર્થક પ્રયાસોની અનુમોદના
કરવા માટે તમારા શબ્દો ઓછા
પડે છે.
પણ સબૂર !
ઘોડાને જળ ભરેલા સરોવર
પાસે લઈ જઈ શકાય છે પણ
પાણી તો ઘોડાએ પોતે જ પીવું
પડે છે.
બસ, સંયમી પૂજ્યોને એટલું
જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ
સ્વાધ્યાય માટેનો સ્વાદિષ્ટ રસથાળ
અત્રે રજૂ તો કરી દીધો છે પણ
તૃપ્તિ અને પ્રસન્નતા અનુભવવા
એ સ્વાદિષ્ટ રસથાળના
કવલોને આરોગવાનો પુરુષાર્થ
તો આપણે પોતે જ કરવો
પડશે.

સ્વાધ્યાય યોગના આ સાધકો
આપણે સહુ આપણાં આત્મદ્રવ્યને
નિર્મળ કરતા રહેવામાં હેવ.
ગુરુકૃપાએ સફળ બનીએ એ
જ અંતરની શુભકામના સાથે

હ.
રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

- મુક્તિવલ્લભસૂરિ

શ્રાવણ સુદ ૧, ૨૦૭૨

સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્‌ભુત ગ્રંથોના અદ્‌ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.

ભવ્યસુંદરવિ.

વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,

મહાવીરનગર, હિંમતનગર.

## શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

## ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી** **મ. સા.**ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

\- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦ /-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# સંબોધ પ્રકરણ

# સુક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

હરિભદ્રસૂરિ મહારાજા

| | |
|---|---|
| **ગ્રંથ** | : સંબોધ પ્રકરણ સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : સંબોધપ્રકરણ |
| **આધારગ્રંથકર્તા** | : હરિભદ્રસૂરિ મહારાજા |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : અનેક |

१ नमिऊण वीयरायं, सव्वन्नूं तियसनाहकयपूयं ।
संबोहपयरणमिणं, वुच्छं सुविहियहियट्ठाए ॥१॥

દેવેન્દ્રો વડે પૂજાયેલા, સર્વજ્ઞ એવા વીતરાગ પરમાત્માને નમસ્કાર કરીને સજ્જનોના હિત માટે આ સંબોધપ્રકરણને કહીશ.

~~ સમ્યક્ત્વ ~~

८६३ चरणाईया धम्मा, सव्वे सहला हवंति थोवा वि ।
दंसणगुणेण जुत्ता, जइ नो उण उच्छुदंडनिभा ॥२॥

ચારિત્ર વગેરે બધા ધર્મો, થોડા હોય તો પણ સમ્યગ્દર્શનથી યુક્ત હોય તો સફળ થાય છે. સમ્યગ્દર્શન વિના તે બધા શેરડીના દંડ જેવા - ફળરહિત છે.

८९९ एगत्थ सव्वधम्मा, लोइयलोउत्तराइऽणुट्ठाणा ।
एगत्थं दंसणं खलु, न समं होइ तेसिं तु ॥३॥

એક બાજુ લૌકિક-લોકોત્તર આચારરૂપ બધા ધર્મો મૂકો, બીજી બાજુ સમ્યગ્દર્શન મૂકો, તો પણ સમાન ન બને. સમ્યગ્દર્શનનું મહત્ત્વ વધી જાય.

९९८ विहिकरणं गुणिराओ,
अविहिच्चाओ य पवयणुज्जोओ ।
अरिहंतसुगुरुसेवा,
इमाइ सम्मत्तलिंगाइं ॥४॥

વિધિનું પાલન, ગુણવાન્નો અનુરાગ, અવિધિનો ત્યાગ, શાસનની પ્રભાવના, અરિહંત અને સુગુરુની ભક્તિ.. આ સમ્યક્ત્વના લિંગ છે.

૯૯૯ धम्मकरणे सहाओ, दसारपुत्तु व्व सेणियस्सेव ।
धम्मथिरिकरणजोओ, अभयस्सेवाणुओगपरो ॥५॥

(સમકિતી જીવ) કૃષ્ણની જેમ ધર્મ કરવામાં સહાયક, શ્રેણિકની જેમ ધર્મમાં સ્થિર કરનાર, અભયકુમારની જેમ ધર્મમાં જોડનાર હોય.

૯૭૭ साहूण चेइयाण य, पडिणीयं तह अवण्णवायं च ।
जिणपवयणस्स अहियं, सव्वत्थामेण वारेइ ॥६॥

સાધુઓ અને દેરાસરોના વિરોધીઓને અને તે બધાની નિંદાને, જિનશાસનના અહિતને પોતાની બધી શક્તિથી અટકાવે.

૮૯૮ जं सक्कइ तं कीरइ, जं च न सक्कइ तयंमि सद्दहणा ।
सद्दहमाणो जीवो, वच्चइ अयरामरं ठाणं ॥७॥

જે શક્ય હોય તે કરે, જે શક્ય ન હોય તેમાં શ્રદ્ધા કરે. શ્રદ્ધા કરનાર જીવ મોક્ષે જાય.

૯૩૧ विहिभासओ विहिकारओ वि, पवयणपभावणाकरणो ।
थिरकरण सुद्धकहगो, समयंमि सव्वसमयन्नू ॥८॥

(૧) વિધિ કહેનાર, (૨) વિધિ કરાવનાર, (૩) શાસન પ્રભાવના કરનાર, (૪) બીજાને સ્થિર કરનાર, (૫) શુદ્ધ પ્રરૂપક, (૬) તે સમયના સર્વ દર્શનોનો જાણકાર..

९३२ पवयणपसंसकरणो, पवयणुड्डाहगोवओ ।
पुव्वुत्तस्साभावे, अट्ठेव पभावगा एए ॥९॥

(૭) શાસનની પ્રશંસા કરનાર અને (૮) શાસનની હીલના થાય તેવી ઘટના છુપાવનાર.. પૂર્વોક્ત (પ્રાવચનિક વગેરે આઠ) પ્રભાવકો ન હોય ત્યારે આ આઠ પ્રભાવક છે.

१०५६ जत्थ य सुहजोगाणं, पवित्तिमेत्तं च पायनिव्वित्ती ।
तं भत्तिजुत्तिजुत्तं, परनिरवज्जं न सावज्जं ॥१०॥

જ્યાં શુભ યોગોની જ પ્રવૃત્તિ છે, પાપથી નિવૃત્તિ છે, તેવું ભક્તિ અને વિવેકયુક્ત અનુષ્ઠાન, શ્રેષ્ઠ નિરવદ્ય અનુષ્ઠાન છે, સાવદ્ય નથી.

१०५७ जयणा तसाण निच्चं,
कायव्वा सा वि जइ अणाभोगे ।
जं तह पायच्छित्तं,
जहारिहं तत्थ घेत्तव्वं ॥११॥

(શ્રાવકે) ત્રસ જીવોની સદા જયણા કરવી. જો અનાભોગથી વિરાધના થઈ જાય તો તેનું યોગ્ય પ્રાયશ્ચિત્ત લેવું - કરવું.

૧૦૫૮ तिगरणतिजोगगुत्ता,
मुणिणो वि हु तत्थ जं वए भासा ।
विहिफलनिसेहमोण-
प्पयारिया भत्तिकज्जेसु ॥१२॥

કારણકે ત્રણ કરણ (કરણ-કરાવણ-અનુમોદન) અને ત્રણ યોગ (મન-વચન-કાયા)થી ગુપ્ત (સાવદ્યનો ત્યાગ કરનાર) મુનિઓ પણ ભક્તિના કાર્યોમાં વિધિ જણાવનાર, ફળ જણાવનાર, અવિધિનો નિષેધ કરનાર અને (અનુમતિ ન આપતાં) મૌન રહેવારૂપ ભાષા બોલે છે.

१०६२ परिणामविसेसो वि हु, सुहबज्झगओ सुहफलो होति ।
ण उ इयरो वेयवहो उ, मिच्छस्स जह विप्पं ॥१३॥

વિશિષ્ટ પરિણામ પણ શુભ એવા બાહ્ય વિષયનો હોય તો જ શુભ ફળવાળો થાય; બ્રાહ્મણ જેવો - મિથ્યાત્વીનો વેદવિહિત હિંસાનો - અશુભ બાહ્ય વિષયવાળો નહીં.

१०८७ न हु अप्पणा पराया,
साहूणो सुविहिया य सड्ढाणं ।
अगुणेसु न नियभावं,
कया वि कुव्वंति गुणि सड्ढा ॥१४॥

શ્રાવકોને માટે સુવિહિત સાધુઓ પોતાના કે પારકા હોતા નથી. ગુણરહિત હોય તેમાં ગુણવાન્ શ્રાવકો પોતાનાપણાંનો ભાવ કદી કરતાં નથી.

૮૯૫ अरिहंतेसु य राओ, रागो साहुसु बंभयारीसु ।
एस पसत्थो रागो, अज्ज सरागाण साहूणं ॥१५॥

હજી જે સરાગસંયમી છે, તેના માટે અરિહંત પરનો રાગ અને બ્રહ્મચારી સાધુ પરનો રાગ પ્રશસ્ત છે.

~~ અહિંસા ~~

११३२ जं आरुग्गमुदग्गमप्पडिहयं, आणेसरत्तं फुडं,
रूवं अप्पडिरूवमुज्जलतरा कित्ती धणं जुव्वणं ।
दीहं आउमवंचणो परियणो पुत्ता विणीया सया,
तं सव्वं सचराचरंमि वि जए नूणं दयाए फलं ॥१६॥

આ સચરાચર જગતમાં જે સારું આરોગ્ય, અખંડ આજ્ઞાનું ઐશ્વર્ય (ઘણાનાં માલિક બનવું), અદ્વિતીય રૂપ, ઉજ્જ્વળ યશ, ધન, યૌવન, દીર્ઘાયુ, વિશ્વાસુ નોકરો, વિનયી પુત્રો.. છે; તે બધું દયાનું જ ફળ છે.

११३३ धण्णाणं रक्खट्ठा, कीरंति वईओ जहा तहेवेत्थं ।
पढमवयरक्खणट्ठा, कीरंति वयाइं सेसाइं ॥१७॥

ધાન્યના રક્ષણ માટે જેમ વાડ બનાવાય છે, તેમ અહીં પહેલા વ્રતના રક્ષણ માટે જ બીજા વ્રતો છે.

१९३४ किं ताए पढियाए, पयकोडीए पलालभूयाए ? ।
जं इत्तियं न नायं, परस्स पीडा न कायव्वा ॥१८॥

જો 'પરપીડા ન કરવી' એટલું પણ ન જાણો, તો અસાર એવા કરોડો શ્લોકો ભણવાનો શો અર્થ છે ?

~~ સત્ય ~~

११३६ अलियं न भासियव्वं, अत्थि हु सच्चं पि जं न वत्तव्वं ।
सच्चं पि तं न सच्चं, जं परपीडाकरं वयणं ॥१९॥

ખોટું ન બોલવું, સાચું પણ બોલવા જેવું ન હોય તે ન બોલવું. પરપીડા કરનાર વચન સાચું હોય તો પણ સત્ય નથી.

११४० लाउयबीयं इक्कं, नासइ भारं गुडस्स जह सहसा ।
तह गुणगणं असेसं, असच्चवयणं विणासेइ ॥२०॥

જેમ ગોળના રવાને કડવા તુંબડાનું એક બી પણ તરત જ કડવો કરી નાખે, તેમ અસત્ય વચન બધા ગુણોનો નાશ કરે.

११४४ दुग्गंधो पूइमुहो, अणिट्ठवयणो अ फरुसवयणो य ।
जलएलमूयमम्मण, अलियवयणजंपणे दोसा ॥२१॥

ખોટું બોલવાથી દુર્ગંધી શરીર મળે, મોઢામાંથી રસી નીકળે, અપ્રિય અને કઠોર વચનો બોલે, મૂંગો કે પાણીમાં થતા / બકરાનાં બેં બેં અવાજ જેવું બોલનારો થાય..

~~ અચૌર્ય ~~

११५३ खित्ते खले अरण्णे, दिवा य राओ विसत्थयाए वा ।
अत्थो से न विणस्सइ, अचोरियाए फलं एयं ॥२२॥

અચૌર્યનું ફળ આ છે - ખેતરમાં, કોઠારમાં કે જંગલમાં, દિવસે કે રાત્રે કોઈને વિશ્વાસથી આપેલું હોય ત્યાં ક્યાંય પણ ધનનો નાશ ન થાય.

~~ બ્રહ્મચર્ય ~~

११६२ आणाईसरियं वा, रज्जं च कामभोगा य ।
कित्ती बलं च सग्गो, आसन्ना सिद्धि बंभाओ ॥२३॥

બ્રહ્મચર્યથી આજ્ઞાનું ઐશ્વર્ય (પ્રભુતા), સમૃદ્ધિ, રાજ્ય, કામભોગો, કીર્તિ, બળ, સ્વર્ગ અને નજીકમાં મોક્ષ મળે.

११६३ कलिकारओ वि जणमारओ वि,
सावज्जजोगनिरओ वि ।
जं नारओ वि सिज्झइ,
तं खलु सीलस्स माहप्पं ॥२४॥

ઝઘડો કરાવનાર, લોકોને મરાવનાર, સાવદ્ય યોગમાં પ્રવૃત્ત હોવા છતાં નારદ મોક્ષે જાય છે, તે શીલનો પ્રભાવ છે.

११६६ छिन्निंदिया नपुंसा, दुरूवदोहग्गिणो भगंदरिणो ।
रंड कुरंडा वंझा, निंदु विसकन्ना हुंति दुस्सीला ॥२५॥

દુઃશીલ જીવો-કપાયેલી ઇન્દ્રિયવાળા, નપુંસક, કુરૂપ, દુર્ભાગી, ભગંદર રોગી, વિધવા, દુરાચારી વિધવા, વંધ્યા, મૃત બાળકને જન્મ આપનાર અને વિષકન્યા થાય છે.

૫૮૯ जहा कुक्कडपोयस्स, निच्चं कुललओ भयं ।
एवं खु बंभयारिस्स, त्थीसंगाओ महाभयं ॥२६॥

કૂકડાના બચ્ચાંને જેમ બિલાડીથી હંમેશાં ડર હોય, તેમ બ્રહ્મચારી સાધુને સ્ત્રીના પરિચયથી મહાભય હોય.

૫૯૦ पुरिसासणंमि इत्थी, जामतिगं जाव नोपवेसेइ ।
त्थीआसणंमि पुरिसो, अंतमुहुत्तं विवज्जिज्जा ॥२७॥

પુરુષના આસને સ્ત્રી ત્રણ પ્રહર સુધી ન બેસે. સ્ત્રીના આસનને પુરુષ એક અંતર્મુહૂર્ત સુધી વર્જે.

~~ અપરિગ્રહ ~~

૫૯૨ भंडोवगरणदेहप्पभिईसु, गामदेससंघेसु ।
नो कुव्विज्ज ममत्तं, कया वि सो समणगुणजुत्तो ॥२८॥

જે પાત્રા-ઉપકરણ-શરીર વગેરે પર, ગામ-દેશ કે સંઘ પર ક્યારેય મમત્વ ન કરે, તે શ્રમણના ગુણથી યુક્ત છે.

૧૧૮૨ जह जह अप्पो लोहो, जह जह अप्पो परिग्गहारंभो ।
तह तह सुहं पवड्ढइ, धम्मस्स य होइ संसिद्धी ॥२९॥

જેમ જેમ લોભ ઘટે, આરંભ-પરિગ્રહ ઘટે, તેમ તેમ સુખ વધે અને ધર્મ આવતો જાય.

११८३ आरोग्गसारियं माणुसत्तणं, सच्चसारिओ धम्मो ।
विज्जा णिच्छयसारा, सुहाइं संतोससाराइं ॥३०॥

મનુષ્યપણાનો સાર આરોગ્ય છે, ધર્મનો સાર સત્ય છે, અભ્યાસનો સાર તત્ત્વનિર્ણય છે, સુખોનો સાર સંતોષ છે.

~~ સામાયિક ~~

५३७ कंचणमणिसोवाणं,
थंभसहस्सूसियं सुवण्णतलं ।
जो कारिज्ज जिणहरं,
तओ वि तवसंजमो अहिओ ॥३१॥

સુવર્ણ-રત્નોની સીડીવાળું, હજારો થાંભલાવાળું ઊંચું, સોનાની લાદીવાળું જિનમંદિર કોઈ બનાવે, તેના કરતાં પણ તપ અને સંયમ અધિક ફલવાળા છે.

१२३६ तिव्वतवं तवमाणो, जं नवि निट्ठवइ जम्मकोडीहिं ।
तं समभावियचित्तो, खवेइ कम्मं खणद्धेणं ॥३२॥

ઉગ્ર તપ કરનાર પણ કરોડો જન્મોમાં જે કર્મ ન ખપાવે, તે સમતાથી ભાવિત ચિત્તવાળો અર્ધી ક્ષણમાં ખપાવે છે.

१२३७ जे के वि गया मोक्खं,
जे वि अ गच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइय-
माहप्पेणं मुणेयव्वं ॥३३॥

જે કોઈ મોક્ષમાં ગયા, જાય છે કે જશે, તે બધા સામાયિકના પ્રભાવે જ જનારા જાણવા.

१२५२ सामाइअसामग्गिं, अमरा चिंतंति हिययमज्झंमि ।
जइ हुज्ज पहरमिक्कं, ता अम्ह देवत्तणं सहलं ॥३४॥

સામાયિકની સામગ્રી માટે દેવો પણ મનમાં વિચારે છે કે જો એક પ્રહર માટે પણ તે મળે, તો અમારું દેવપણું સફળ થાય.

८११ आगमभणियं जो पण्णवेइ, सद्दहइ कुणइ जहसत्ति ।
तिल्लोक्कवंदणिज्जो, दूसमकाले वि सो साहू ॥३५॥

જે આગમમાં કહેલું જ કહે, તેના પર શ્રદ્ધા કરે અને યથાશક્તિ કરે, તે સાધુ દુઃષમકાળમાં ત્રણે લોકમાં વંદનીય છે.

८२३ गीयत्थो वि हु गीयत्थ-सेवाबहुमाणभत्तिसंजुत्तो ।
परिसागुणनयहेऊ-वाएहिं देसणाकुसलो ॥३६॥

ગીતાર્થ પણ અન્ય ગીતાર્થની સેવા-બહુમાન-ભક્તિથી યુક્ત, સભાના ગુણ, નય-હેતુ વગેરેથી દેશનામાં કુશળ હોય.

૮૨૪ विहिवाए विहिधम्मं, भासइ नो अविहिमग्गमण्णत्थं ।
इक्को वि जणमज्झट्ठिओ वा, दिया व राओ वा ॥३७॥

એકલો હોય કે લોકોની વચ્ચે હોય, દિવસે કે રાત્રે; વિધિ કહેવાની હોય ત્યારે વિધિમાર્ગને જ કહે, અવિધિમાર્ગને - અન્ય અર્થને ના કહે.

૮૨૭ ओसन्नो जइ वि तहा, पायडसेवी न होति दोसाणं ।
जम्हा पवयणदोसो, मोहो उ मुद्धजणमज्झे ॥३८॥

આચારમાં શિથિલ હોય તો પણ દોષોને જાહેરમાં ન સેવે, કારણકે મુગ્ધજનોમાં શાસનહીલના થાય તે મહામોહના બંધનું કારણ છે.

૮૨૮ गीयत्थाणं पुरओ, सव्वं भासेइ नियमायारं ।
जम्हा तित्थसारिच्छा, जुगप्पहाणा सुए भणिया ॥३९॥

પણ ગીતાર્થ પાસે પોતાના બધા આચારને કહે, કારણકે શાસ્ત્રમાં યુગપ્રધાનને તીર્થ (તીર્થંકર) સમાન કહ્યા છે.

૮૩૦ पवयणमुब्भावंतो, ओसन्नो वि हु वरं सुसंविग्गो ।
चरणालसो वि चरण-ट्ठियाण साहूण पक्खपरो ॥४०॥

આચારમાં શિથિલ એવો પણ સંવિગ્ન અને શાસનની પ્રભાવના કરનાર, પોતે ચારિત્રપાલનમાં આળસુ પણ ચારિત્રધર સાધુઓનો અનુરાગી સારો.

૮૪૯ विहिकरणं विहिराओ, अविहिच्चाओ कए वि तम्मिच्छा ।
अत्तुक्करिसं कुज्जा, णेव सया पवयणे दिट्ठी ॥४१॥

વિધિનું પાલન, વિધિનો રાગ, અવિધિનો ત્યાગ કરે, અવિધિ થઈ જાય તો મિચ્છા મિ દુક્કડં આપે અને તે બધાનું અભિમાન ન કરે, સદા શાસ્ત્રને જોનાર હોય.

૧૪૮૦ जा जिणवयणे जयणा, विहिकरणं दव्वपमुहजोगेहिं ।
सा धम्माराहणा खलु, विराहणा ताण पडिसेहो ॥४२॥

દ્રવ્યાદિને આશ્રયીને વિધિના પાલનરૂપ જે જિનવચનમાં જયણા (પ્રયત્ન) છે, તે જ ધર્માંરાધના છે. તેનો નિષેધ તે જ વિરાધના છે.

૮૫૧ सम्मत्तनाणचरणानुयाइमाणाणुगं च जं जत्थ ।
जिणपन्नत्तं भत्तीइ, पूअए तं तहाभावं ॥४३॥

સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રમાં સમાવેશ પામતું આજ્ઞાનુસારી, જે કાંઈ જ્યાં હોય, ત્યાં તેને 'આ જિનોક્ત છે' એવી ભક્તિથી પૂજે.

૮૫૪ कालोचियजयणाए, मच्छररहियाण उज्जमंताण ।
जणजत्तारहियाणं, होइ जइत्तं जईण सया॥४४॥

ઈર્ષ્યા વિના, કાળને ઉચિત યતનામાં ઉદ્યમવંત, લોકયાત્રાથી રહિત સાધુમાં સદા ભાવસાધુપણું છે.

## ~~ શિથિલાચાર ~~

३७१ बायालमेसणाओ, न रक्खइ धाइसिज्जपिंडं च ।
आहारेइ अभिक्खं, विगईओ संनिहिं खायइ ॥४५॥

એષણાના બેંતાલીશ દોષનું સેવન કરે, ધાત્રીપિંડ અને શય્યાતરપિંડ વાપરે, વારંવાર વિગઈ વાપરે, સંનિધિ રાખીને વાપરે...

३७२ सूरप्पमाणभोई, आहारेई अभिक्खमाहारं ।
न य मंडलिए भुंजइ, न य भिक्खं हिंडए अलसो ॥४६॥

આખો દિવસ વાપરે, વારંવાર વાપરે, માંડલીમાં ન વાપરે, આળસથી ગોચરી વહોરવા ન જાય...

३७३ कीवो न कुणइ लोयं, लज्जइ पडिमाइ जल्लमवणेइ ।
सोवाहणो य हिंडइ, बंधइ कडिपट्टमकज्जे ॥४७॥

કાયરતાથી લોચ ન કરે, કાયોત્સર્ગથી ડરે, શરીરનો મેલ ઊતારે, જૂતાં પહેરે, કારણ વિના કમરપટ્ટો બાંધે...

३७४ सोवइ य सव्वराइं, नीसड्डमचेयणो न वा झरइ ।
न पमज्जंतो पविसइ, निसीहि आवस्सियं न करे ॥४८॥

અત્યંત જડની જેમ આખી રાત સૂઈ રહે, પુનરાવર્તન ન કરે, ઉપાશ્રયમાં પ્રવેશતાં પ્રમાર્જના ન કરે, નિસીહિ-આવસ્સહિ ન કરે...

३७५ सव्वथोवं उवहिं न पेहए, न य करेइ सज्झायं ।
निच्चमवज्झाणरओ, न य पेहपमज्जणासीलो ॥४९॥

સૌથી અલ્પ ઉપધિનું પણ પડિલેહણ ન કરે, સ્વાધ્યાય ન કરે, સદા દુર્ધ્યાન કરે, સતત પડિલેહણ-પ્રમાર્જના કરે નહીં...

३७६ एयारिसा कुसीला, हिट्ठा पंचा वि मुणिवराणं च ।
न य संगो कायव्वो, तेसिं धम्मट्ठिभव्वेहिं ॥५०॥

આ બધા પાંચે પ્રકારના કુશીલો, મુનિઓથી હીન છે. તેમનો સંગ ધર્માર્થી ભવ્યોએ કરવો નહીં.

३८१ संखडिपमुहे किच्चे, सरसाहारं खु जे पगिण्हंति ।
भत्तट्ठं थुव्वंति, वणीमगा ते वि न हु मुणिणो ॥५१॥

સંખડી વગેરેમાં જે સરસ આહાર જ વહોરે, આહારની પ્રશંસા કરે, તે ભિક્ષુક છે, સાધુ નહીં.

९६७ वरं दिट्ठिविसो सप्पो, वरं हालाहलं विसं ।
हीणायारागीयत्थ-वयणपसंगं खु णो भद्दं ॥५२॥

દૃષ્ટિવિષ સર્પ કે હળાહળ ઝેર સારું; પણ હીન આચારવાળા અગીતાર્થ સાથે વાત કરવી પણ સારી નહીં.

२८३ विसलवघाइ व्व सयं, गुणाण नासेइ बोहिमुवहणइ ।
तम्हा लिंगिहिं न कया, कायव्वा दव्वओ पूया ॥५३॥

(દ્રવ્યપૂજા સાધુને) ઝેરના અંશની જેમ પોતાને જ હણે છે, ગુણોનો નાશ કરે છે, સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ કરે છે, તેથી સાધુએ દ્રવ્યપૂજા ન કરવી.

२८६ आसायणापवित्ती, जिणआणाभंजणंमि पडिवत्ती ।
सा भत्ती वि अभत्ती, संसारपवड्ढणा जाण ॥५४॥

જિનાજ્ઞાભંગ કરીને થતી પ્રવૃત્તિ તે આશાતના જ છે. તે સ્વરૂપથી ભક્તિ હોય તો પણ વાસ્તવિક ભક્તિ નથી, સંસારવર્ધક જાણવી.

३३१ आणाविणओ परमं, मुक्खंगं पवयणे जओ भणिओ ।
सव्वत्थ विहियपरमत्थ-सारेहिं परमगुरुएहिं ॥५५॥

કારણકે પરમાર્થને જાણનારા તીર્થંકરોએ જિનશાસનમાં સર્વત્ર આજ્ઞાનો આદર જ મોક્ષનું મુખ્ય કારણ કહ્યો છે.

७९ आसायणपरिहारो, भत्ती सत्तीइ पवयणाणुसारी ।
विहिराओ अविहिचाओ, तेहि कया बहुफला होइ ॥५६॥

આશાતનાનો ત્યાગ, યથાશક્તિ આજ્ઞાનું અનુસરણ, વિધિનો આદર અને અવિધિનો ત્યાગ - તેના પૂર્વક કરાયેલી ભક્તિ ઘણાં ફળવાળી થાય છે.

२४५ असढस्स अपरिसुद्धा, किरिया सुद्धाइ कारणं होइ ।
अंतोविमलं रयणं, सुहेण बज्झं मलं चयइ ॥५७॥

અશઠ જીવની અશુદ્ધ ક્રિયા પણ શુદ્ધ ક્રિયાનું કારણ બને છે. અંદરથી નિર્મળ એવું રત્ન બહારનો મેલ સરળતાથી તજી દે છે. (તેમ અશઠ જીવ બહારની અશુદ્ધિ તજી દે છે.)

१२६४ सुबहुं पि तवं चिन्नं, सुदीहमवि पालियं च सामण्णं ।
तो काऊण नियाणं, मुहाइ हारिंति अत्ताणं ॥५८॥

ઘણો તપ કર્યો, ઘણો કાળ સાધુપણું પાળ્યું, પણ નિયાણું કરીને ફોગટમાં જાતને હારી જાય છે.

१२६५ उड्ढंगामी रामा, केसवसव्वे वि जं अहोगामी ।
तत्थ वि नियाणकारणं, अओ य मइमं इमं वज्जे ॥५९॥

બધા બળદેવ સ્વર્ગ / મોક્ષમાં જ જાય છે, પણ વાસુદેવો નરકમાં જ જાય છે, તેનું કારણ નિયાણું છે; એટલે બુદ્ધિશાળીએ નિયાણું ન કરવું.

૭૯૩ निव सिट्ठि इत्थि पुरिसे, परपवियारे य सपवियारे य ।
अप्परयसुर दरिद्दे, सड्ढे हुज्ज नव नियाणा ॥६०॥

રાજા, શેઠ, સ્ત્રી, પુરુષ, પરપ્રવીચારી દેવ, સ્વપ્રવીચારી દેવ, અપ્રવીચારી દેવ, દરિદ્ર અને શ્રાવક.. આ ૯ નિયાણા છે.

૭૯૫ अट्ठाणट्ठा हिंसा, ऽकम्हा दिट्ठी अ मोस दिन्ने य ।
अज्झप्प माण मित्ते, माया लोभेरिया तेर ॥६१॥

અર્થ, અનર્થ, હિંસા, અકસ્માત, મિથ્યાદષ્ટિ, મૃષાવાદ,

અદત્તાદાન, અધ્યાત્મ, માન, મિત્ર, માયા, લોભ અને ગમનાગમન એ ૧૩ ક્રિયાસ્થાન છે.

५९१ संरंभो संकप्पो, परितावकरो भवे समारंभो ।
आरंभो उद्दवओ, सुद्धनयाणं तु सव्वेसिं ॥६२॥

(હિંસાનો) સંકલ્પ એ સંરંભ, પીડા કરવી તે સમારંભ, પ્રાણનાશ કરવો તે આરંભ. આ વ્યાખ્યા સર્વ શુદ્ધનયોને માન્ય છે.

८०३ तित्थं तित्थे पवयणे ण, संगोवंगे य गणहरे पढमे ।
जो तं करेइ तित्थंकरो य, अण्णे कुतित्थिया ॥६३॥

ચતુર્વિધ સંઘરૂપ તીર્થ, અંગોપાંગ સહિત જિનવચન અને પ્રથમ ગણધર એ તીર્થ છે, તેને જે કરે તે તીર્થંકર પણ તીર્થ છે, બીજા બધા કુતીર્થિક છે.

~~ લેશ્યા ~~

१२९८ वेरेण निरणुकंपो, अइचंडो दुम्मुहो खरो फरुसो ।
किण्हाइ अणज्झप्पो, वहकरणरओ य तक्कालं ॥६४॥

કૃષ્ણલેશ્યાથી જીવ વૈરના કારણે ક્રૂર, અતિશય ક્રોધી, દુષ્ટ વચન બોલનારો, કર્કશ, કઠોર, અધ્યાત્મ વિનાનો અને તત્કાળ મારી નાખનારો થાય.

१२९९ मायादंभे कुसलो, उक्कोडालुद्धचवलचलचित्तो ।
मेहुणतिव्वाभिरओ, अलियपलावी य नीलाए ॥६५॥

નીલલેશ્યાથી જીવ માયા-કપટમાં કુશળ, અનીતિથી કમાવાનો લોભી, ચપળ, ચંચળ, તીવ્ર કામાસક્ત અને જૂઠું બોલનારો થાય.

१३०० मूढो आरंभपिओ, पावं न गणेइ सव्वकज्जेसु ।
न गणेइ हाणिवुड्ढी, कोहजुओ काउलेसाए ॥६६॥

કાપોતલેશ્યાથી જીવ મૂઢ (અજ્ઞાની), આરંભપ્રિય, સર્વ કાર્યોમાં પાપને ન માનનારો, લાભ-નુકસાનને ન વિચારનારો, ક્રોધી થાય.

१३०१ दक्खो संवरसीलो, रिजुभावो दाणसीलगुणजुत्तो ।
धम्मंमि होइ बुद्धी, अरुसणो तेउलेसाए ॥६७॥

તેજોલેશ્યાથી જીવ કુશળ, સંવરથી યુક્ત, સરળ, દાન-શીલ ગુણસંપન્ન, ધર્મની ઈચ્છાવાળો, ગુસ્સે ન થનાર થાય.

१३०२ सत्तणुकंपो य थिरो, दाणं खलु देइ सव्वजीवाणं ।
अइकुसलबुद्धिमंतो, धिइमंतो पम्हलेसाए ॥६८॥

પદ્મલેશ્યાથી જીવ જીવો પર દયાવાળો, સ્થિર, બધા જીવોને દાન આપનાર, અતિકુશળ બુદ્ધિવાળો અને ધૃતિમાન્ થાય.

१३०३ धम्मंमि होइ बुद्धी, पावं वज्जेइ सव्वकज्जेसु ।
आरंभेसु न रज्जइ, अपक्खवाइ य सुक्काए ॥६९॥

શુક્લલેશ્યાથી જીવ ધર્મમાં જ મનવાળો, સર્વ કાર્યોમાં પાપ છોડનાર, આરંભમાં રાગ વિનાનો અને મધ્યસ્થ થાય.

~~ આર્તધ્યાન ~~

१३२३ अमणुण्णाणं सद्दाइ-विसयवत्थुण दोसमइलस्स ।
धणियं विओगचिंतणं, असंपओगाणुसरणं च ॥७०॥

અનિષ્ટ શબ્દાદિ વિષયોના દ્વેષથી ગ્રસ્ત જીવનું તેના વિયોગ(દૂર થાય)નું નિરંતર ચિંતન અને અસંયોગ(ન આવે)નું ચિંતન...

१३२४ तह सूलसीसरोगाइ-वेयणाए विओगपणिहाणं ।
तदसंपओगचिंतण, तप्पडियाराउलमणस्स ॥७१॥

પેટનું શૂળ, માથાનો દુખાવો વગેરે વેદનાના પ્રતિકારમાં આકુલ મનવાળાનું તે વેદનાના વિયોગનું પ્રણિધાન કે તે ન આવે તેનું ચિંતન...

१३२५ इट्ठाणं विसयाईण, वेयणाए य रागरत्तस्स ।
अवियोगज्झवसाण, तह संजोगाभिलासो य ॥७२॥

ઈષ્ટ એવા વિષયો કે સુખના વેદનમાં રાગથી આસક્ત જીવનો તેના અવિયોગ(દૂર ન થવા)નો અધ્યવસાય કે સંયોગ(પ્રાપ્તિ)ની ઈચ્છા...

१३२६ देविंदचक्कवट्टित्तणाइ-गुणरिद्धिपत्थणमईयं ।
अहमं नियाणचिंतणं, अन्नाणाणुगयमच्चंतं ॥७३॥

અત્યંત અજ્ઞાનયુક્ત એવું દેવેન્દ્ર-ચક્રવર્તી વગેરેની સમૃદ્ધિની પ્રાર્થનારૂપ અધમ નિયાણાનું ચિંતન..

१३२७ एयं चउव्विहं राग-दोसमोहंकियस्स जीवस्स ।
अट्टं ज्झाणं संसार-वद्धणं तिरियगइमूलं ॥७४॥

રાગ-દ્વેષ-મોહયુક્ત જીવનું આ ચાર પ્રકારનું આર્તધ્યાન સંસારવર્ધક અને તિર્યંચગતિનું કારણ છે.

१३२८ मज्झत्थस्स उ मुणिणो,
सकम्मपरिणामजणियमेयं ति ।
वत्थुस्सहावचिंतण-
परस्स सम्मं सहंतस्स ॥७५॥

મધ્યસ્થ-સમભાવવાળા મુનિ કે જે 'આ બધું પોતાના કર્મના ફળ છે' તેવો વસ્તુનો સ્વભાવ વિચારીને તેને સમ્યક્ સહન કરે...

१३२९ कुणउ व्व पसत्थालंबणस्स, पडियारमप्पसावज्जं ।
तवसंजमपडियारं, च सेवओ धम्ममनियाणं ॥७६॥

અથવા (જ્ઞાનાભ્યાસ વગેરે) પ્રશસ્ત કારણ હોય તો અલ્પ પાપ થાય તે રીતે તેનો પ્રતિકાર કરે, નિયાણા વિના જ તપ-સંયમ કરે તેને જ ધર્મધ્યાન છે. (અન્યથા આર્તધ્યાન છે.)

१३३३ निंदइ नियययकयाइं, पसंसइ सविम्हिओ विभूईओ ।
पत्थेइ तासु रज्जइ, तयज्जणपरायणो होइ ॥७७॥

પોતાના જ કાર્યની નિંદા કરે, બીજાના વૈભવની વિસ્મયથી પ્રશંસા કરે, તેની ઈચ્છા કરે, તેમાં રાગ કરે, તેને મેળવવાની મહેનત કરે...

१३३४ सद्दाइविसयगिद्धो, सद्धम्मपरंमुहो पमायपरो ।
जिणमयमणविक्खंतो, वट्टइ अट्टंमि झाणंमी ॥७८॥

શબ્દાદિ વિષયોમાં આસક્ત હોય, સદ્ધર્મથી વિમુખ હોય, પ્રમાદી હોય, જિનવચનની ઉપેક્ષા હોય, તે આર્તધ્યાનમાં વર્તે છે.

~~ રૌદ્રધ્યાન ~~

१३३६ सत्तवहवेहबंधण-डहणंकणमारणाइपणिहाणं ।
अइकोहग्गहघत्थं, निग्घिणमणसोऽहमविवागं ॥७९॥

ક્રૂર મનવાળાનું જીવોના વધ-વીંધવું-બંધન, ડામ આપવો-ચિહ્ન કરવું - મારવું વગેરે વિષયનું અતિશય ક્રોધગ્રસ્ત અને અધમ ફળવાળું પ્રણિધાન...

१३३७ पिसुणासब्भासब्भूय-भूयघायाइवयणपणिहाणं ।
मायाविणोऽतिसंधण-परस्स पच्छन्नपावस्स ॥८०॥

માયાવી, બીજાને છેતરનાર અને છુપી રીતે પાપ કરનાર જીવનું ચાડી કરવી, અસભ્ય (ગાળ) બોલવું, ખોટું બોલવું, જીવોને મારવા વગેરે વિષયોના વચનોનું પ્રણિધાન...

१३३८ तह तिव्वकोहलोहाउलस्स, भूओवघायणमणज्जं ।
परदव्वहरणचित्तं, परलोगावायनिरविक्खं ॥८१॥

અને તીવ્ર ક્રોધ કે લોભથી આકુળ વ્યક્તિનું પરલોકના અપાયના ડર વિનાનું, જીવહિંસાકારી, અનાર્ય એવું બીજાના ધનને હરવાનું ચિત્ત...

१३३९ सद्दाइविसयसाहण-धणसंरक्खणपरायणमणिट्ठं ।
सव्वाभिसंकणपरोवघायकलुसाउलं चित्तं ॥८२॥

બધા પરની શંકા અને બીજાને મારવાના વિચારોથી યુક્ત એવું, શબ્દાદિ વિષયોના સાધન એવા ધનના સંરક્ષણમાં પરાયણ એવું અનિષ્ટ ચિત્ત...

१३४१ एयं चउव्विहं राग-दोसमोहंकियस्स जीवस्स ।
रुद्दं झाणं संसार-वड्ढणं नरयगइमूलं ॥८३॥

રાગ-દ્વેષ-મોહ યુક્ત જીવનું આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન સંસારવર્ધક અને નરકગતિનું કારણ છે.

१३४४ परवसणं अभिनंदइ, निरविक्खो निद्दओ निरणुतावो ।
हरिसिज्जइ कयपावो, रुद्दज्झाणोवगयचित्तो ॥८४॥

રૌદ્રધ્યાન યુક્ત ચિત્તવાળો જીવ બીજાની આપત્તિમાં ખુશ થાય, પાપના ડર વિનાનો, ક્રૂર, પશ્ચાત્તાપ વિનાનો હોય, પાપ કરીને ખુશ થાય.

~~ ધર્મધ્યાન ~~

१३६२ आणाविचयमवाए, विवागसंठाणओ वि नायव्वा ।
एए चत्तारि पया, झायव्वा धम्मझाणस्स ॥८५॥

આજ્ઞાવિચય, અપાય, વિપાક અને સંસ્થાનથી - ધર્મધ્યાનના આ ચાર પ્રકાર જાણવા અને ધ્યાવવા.

-: આજ્ઞાવિચય :-

१३६८ सव्वनईणं जा हुज्ज, वालुया सव्वोदहीणं जं उदयं ।
इत्तो वि अणंतगुणो, अत्थो इक्कस्स सुत्तस्स ॥८६॥

બધી નદીઓની રેતી અને બધા સમુદ્રનું પાણી જેટલું છે, તેનાથી અનંત ગણો અર્થ એક સૂત્રનો છે.

१३६९ जिणवयणमोअगस्स उ,
रत्तिं च दिया च खज्जमाणस्स ।
तत्तिं बुहो न वच्चइ,
हेउसहस्सोवगूढस्स ॥८७॥

હજારો હેતુઓથી ભરેલા જિનવચનરૂપી મોદકને રાત-દિવસ ખાવા છતાં જ્ઞાનીને તૃપ્તિ નથી થતી.

१३७० नरनिरयतिरियसुरगण-संसारियसव्वदुक्खरोगाण ।
जिणवयणमागमोसहं अपवग्गसुहऽक्खयप्फलयं ॥८८॥

જિનવચનરૂપી આગમ, એ મનુષ્ય-તિર્યંચ-દેવ-નરક - બધા સંસારી દુઃખોરૂપી રોગનું ઔષધ, મોક્ષસુખરૂપી અક્ષય ફળને આપનાર છે.

-: અપાયવિચય : -

१३७१ रागद्दोसकसायासवाइ-किरियासु वट्टमाणाणं ।
इहपरलोगावाए, झाइज्जाऽवज्जपरिवज्जी ॥८९॥

રાગ-દ્વેષ-કષાય વગેરે આશ્રવ-ક્રિયામાં વર્તતા જીવોના આભવ-પરભવના વિપાકો વિચારીને પાપનો ત્યાગ કરવો.

-: વિપાકવિચય :-

१३७२ पयइठिइपएसाणुभावभिन्नं सुहासुहविहत्तं ।
जोगाणुभावजणियं, कम्मविवागं विचिंतिज्जा ॥९०॥

યોગ અને કષાયથી ઉત્પન્ન થયેલા, પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને રસ એમ ચાર પ્રકારે શુભાશુભ કર્મવિપાકોને વિચારવા.

-: સંસ્થાનવિચય :-

१३७७ तस्स य सकम्मजणियं, जम्माइजलं कसायपायालं ।
वसणसयसावयगणं, मोहावत्तं महाभीमं ॥९१॥

જીવના સ્વકર્મથી જનિત, જન્મ-જરા વગેરેરૂપ જળવાળા, કષાયરૂપ પાતાળવાળા, સેંકડો આપત્તિઓરૂપ જળચર જીવોવાળા, મોહરૂપી વમળવાળા, મહાભયંકર...

१३७८ अन्नाणमारुएरिय-संजोगविओगवीइसंताणं ।
संसारसागरमणोरपारमसुहं विचिंतिज्जा ॥९२॥

અજ્ઞાનરૂપ પવનથી ધકેલાતાં, સંયોગ-વિયોગરૂપ મોજાંના પ્રવાહવાળા, અપાર અને અશુભ એવા સંસારરૂપી સમુદ્રને વિચારે.

१३७९ तस्स य संतरणसहं, सम्मद्दंसणसुबंधणमणग्घं ।
नाणवरकण्णधारं, चारित्तमयं महापोयं ॥९३॥

તેને તરવામાં સમર્થ, સમ્યગ્દર્શનથી સારી રીતે બંધાયેલ, નિર્દોષ, જ્ઞાનરૂપી સુકાનીવાળું ચારિત્રરૂપી વહાણ છે...

१३८० संवरकयनिच्छिड्डं, तवपवणाविद्धजवणतरवेगं ।
वेरग्गमग्गपडियं, विसुत्तियावीइनिक्खोभं ॥९४॥

સંવરથી નિશ્છિદ્ર, તપરૂપ પવનથી અત્યંત ઝડપી વેગવાળું, વૈરાગ્યના રસ્તે ચડેલું, વિસ્રોતસિકારૂપ મોજાંઓથી અક્ષોભ્ય.. (એવું તે વહાણ છે...)

१३८१ आरोढुं मुणिवणिया, महग्घसीलंगरयणपडिपुण्णं ।
जह तं निव्वाणपुरं, सिग्घमविग्घेण पावंति ॥९५॥

અમૂલ્ય એવા શીલાંગરૂપી રત્નોથી ભરપૂર એવા તે વહાણ પર ચડીને સાધુરૂપ વેપારીઓ નિર્વિઘ્ને, શીઘ્ર મોક્ષપુરમાં પહોંચે છે.

१३८९ जिणसाहुगुणकित्तण-पसंसणादाणविणयसंपत्तो ।
सुयसीलसंजमरओ, धम्मज्झाणी मुणेयव्वो ॥९६॥

અરિહંત અને સાધુના ગુણોનાં વર્ણન-પ્રશંસા અને દાન-વિનયથી યુક્ત, શ્રુત-શીલ અને સંયમમાં રત હોય તે ધર્મધ્યાની જાણવો.

१४१४ हुंति सुभासवसंवर-विणिज्जरामरसुहाइ विउलाइं ।
झाणवरस्स फलाइं, सुहाणुबंधीणि धम्मस्स ॥९७॥

પુણ્યબંધ, સંવર, નિર્જરા અને વિપુલ દેવસુખો - આ બધા શ્રેષ્ઠ ધર્મધ્યાનના શુભાનુબંધી ફળો છે.

१३९४ ओसारिइंधणभरो, जह परिहाइ कमसो हुयास व्व ।
थोवेंधणोवसेसो, निव्वाइ तओऽवणीओ य ॥९८॥

જેમ અગ્નિ, ઈંધણ દૂર કરવાથી ધીમે ધીમે ઘટે અને થોડું ઈંધણ બાકી રહે ત્યારે થોડો જ રહે, ઈંધણ લઈ લેવાથી બુઝાઈ જાય...

१३९५ तह विसयेंधणहीणो, मणोहुयासो कमेण तणुअंमी ।
विसइंधणे निरुंभइ, निव्वाइ तओऽवणीओ य ॥९९॥

તેમ, વિષયરૂપી ઈંધણ ઘટવાથી મન (વિકલ્પ)રૂપી અગ્નિ ધીમે ધીમે ઘટે.. થોડા જ વિષયો રહે ત્યારે મનનો નિરોધ થાય અને વિષયરૂપી ઈંધણ દૂર થતાં તે શાંત થઈ જાય.

~~ શુક્લધ્યાન ~~

१४१२ चालिज्जइ बीहेइ व, धीरो न परीसहोवसग्गेहिं ।
सुहुमेसु न संमुज्झइ, भावेसु न देवमायासु ॥१००॥

ધીર એવો તે (શુક્લધ્યાની) પરિષહ-ઉપસર્ગથી ચળે નહીં - ડરે નહીં, સૂક્ષ્મ અર્થો કે દેવની માયામાં મૂંઝાય નહીં...

१४१३ देहविवित्तं पिच्छइ, अप्पाणं तह य सव्वसंजोए ।
देहोवहिवुस्सग्गं, निस्संगो सव्वहा कुणइ ॥१०१॥

આત્માને દેહથી જુદો જુએ અને બધી સામગ્રીના સંયોગને પણ પોતાનાથી જુદો માને. સર્વથા નિઃસંગ થઈને દેહ-ઉપધિનો ત્યાગ કરે...

~~ આલોચના ~~

१४९७ससल्लो जइ वि कट्ठुग्गं, घोरं वीरं तवं चरे ।
दिव्वं वाससहस्सं तु, तओ वि तं तस्स निप्फलं ॥१०२॥

સશલ્ય જીવ હજારો[1] દૈવી વર્ષો સુધી ઉગ્ર કષ્ટ કરે, ઘોર તપ કરે તો પણ તેનું બધું નિષ્ફળ જાય.

१४९३ आलोयणापरिणओ, पावं फेडेइ सयलभवजणियं ।
जइ निस्सल्लगुणेहिं, ससल्लओ तं समज्जेइ ॥१०३॥

૧. ૧ દૈવી વર્ષ = હજારો વર્ષ.

આલોચના કરવાનો જેને ભાવ થયો છે તે સાધુ નિઃશલ્ય હોય તો સર્વ ભવોમાં બાંધેલા પાપનો નાશ કરે. સશલ્ય હોય તો તેને બાંધે.

१५१० पक्खिय चाउम्मासे, आलोयणा नियमओ य दायव्वा ।
गहणं अभिग्गहाण य, पुव्वं गहिए निवेएउ ॥१०४॥

પક્ખી અને ચોમાસીમાં અવશ્ય આલોચના આપવી. અને પહેલાં લીધેલાં અભિગ્રહોનું નિવેદન કરીને નવા લેવા.

१५०८ आलोयणासुदाणे, लिंगमिणं बिंति मुणियसमयत्था ।
पच्छित्तकरणमुदियं, अकरणयं चेव दोसाणं ॥१०५॥

સારી આલોચનાના આ બે લિંગ શાસ્ત્રજ્ઞાનીઓ કહે છે : ૧. અપાયેલું પ્રાયશ્ચિત્ત કરવું. ૨. દોષો ફરી ન સેવવા.

१५०५ लहुयाल्हाइजणणं, अप्पपरनिवत्ति अज्जवं सोही ।
दुक्करकरणं आणा, निस्सल्लत्तं च सोहिगुणा ॥१०६॥

કર્મથી લઘુતા, આનંદની ઉત્પત્તિ, પોતાની અને બીજાની પાપથી નિવૃત્તિ, સરળતા, શુદ્ધિ, દુષ્કર કાર્યનું કરણ, આજ્ઞાપાલન અને નિઃશલ્યતા.. આ બધા શુદ્ધિ (પ્રાયશ્ચિત્ત) કરવાથી થતા લાભો છે.

१६१६ णिच्चं पसंतचित्ता, पसंतवाहियगुणेहिं मज्झत्था ।
नियकुग्गहपडिकूला, पवयणमग्गंमि अणुकूला ॥१०७॥

સદા પ્રસન્ન ચિત્તવાળા, પ્રશાંતવાહી ગુણોથી મધ્યસ્થ, પોતાના વિચારના કદાગ્રહ વિનાના, જિનશાસનના માર્ગને અનુકૂળ...

१६१७ इच्चाइगुणसमेया, भवविरहं पाविऊण परमपयं ।
पत्ता अणंतजीवा, तेसिमणुमोयणा मज्झ ॥१०८॥

આવા બધા ગુણોથી યુક્ત અનંત જીવો સંસારથી છૂટકારો પામીને મોક્ષ પામ્યા. તેમની હું અનુમોદના કરું છું.

जैं ज्ञीं

# સંબોધ સિત્તરી-પંચસૂત્ર

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

રત્નશેખરસૂરિ મહારાજા

તથા

ચિરંતન આચાર્ય

**ગ્રંથ** : સંબોધસિત્તરી-પંચસૂત્ર
સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ)

**આધારગ્રંથ** : સંબોધ સિત્તરી-પંચસૂત્ર

**આધારગ્રંથકર્તા** : પૂ. રત્નશેખરસૂરિ મ. સા. + પૂર્વાચાર્ય

**અનુવાદ આધાર** : પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી. મ. સા.
સંપાદિત 'શતકત્રયી' તથા
પૂ. આ. શ્રી. હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.
સંપાદિત 'પંચસૂત્ર'

**અર્થસંકલન** : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા.

**અર્થસંશોધન** : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય
ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય...
પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા.

**ભાષા** : પ્રાકૃત, ગુજરાતી

**વિષય** : અનેક

## रत्नशेखरसूरिकृतं संबोधसित्तरिप्रकरणं

१ नमिऊण तिलोयगुरुं, लोआलोअप्पयासयं वीरं ।
संबोहसत्तरिमहं, रएमि उद्धारगाहाहिं ॥१॥

ત્રણ લોકના ગુરુ અને લોકાલોકના પ્રકાશક એવા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને શાસ્ત્રોમાંથી ઉદ્ધૃત કરેલી ગાથાઓ વડે હું સંબોધસિત્તરિ રચું છું.

२ सेयंबरो य आसंबरो य, बुद्धो य अहव अन्नो वा ।
समभावभाविअप्पा, लहेइ मुक्खं न संदेहो ॥२॥

શ્વેતાંબર હોય કે દિગંબર હોય; બૌદ્ધ હોય કે અન્ય કોઈપણ હોય, જેનો આત્મા સમભાવથી ભાવિત છે, તે મોક્ષ પામે છે એમાં શંકા નથી.

६ सव्वाओ वि नईओ, कमेण जह सायरंमि निवडंति ।
तह भगवइ अहिंसं, सव्वे धम्मा समिल्लंति ॥३॥

જેમ સર્વ નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવીને મળે છે, તેમ મહા ભગવતી એવી અહિંસા(દયા)માં સર્વ ધર્મોનો સમાવેશ થાય છે.

### ~~ સદ્‌ગુરુ ~~

७ ससरीरे वि निरीहा, बज्झऽब्भिंतरपरिग्गहविमुक्का ।
धम्मोवगरणमित्तं, धरंति चारित्तरक्खट्ठा ॥४॥

પોતાના શરીર ઉપર પણ મમતા વિનાના, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી મુક્ત, ધર્મસાધનો પણ ચારિત્રની રક્ષા માટે જ ધારણ કરનારા...

૯ पंचिंदियदमणपरा, जिणुत्तसिद्धंतगहियपरमत्था ।
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥५॥

પાંચેય ઈન્દ્રિયોને દમન કરવામાં સદા તત્પર, જિનેશ્વરદેવે કહેલા સિદ્ધાંતના પરમાર્થને જાણનારા, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને ધારણ કરનારા, એવા સદ્‌ગુરુનું મને શરણ થાઓ.

१० पासत्थाई वंदमाणस्स, नेव कित्ती न निज्जरा होई ।
जायइ कायकिलेसो, बंधो कम्मस्स आणाई ॥६॥

પાસત્થાદિકને વંદન કરનારને કીર્તિ મળતી નથી, નિર્જરા પણ થતી નથી, માત્ર કાયાને ક્લેશ અને કર્મોનો બંધ થાય છે. ઉપરાંત આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધનારૂપ દોષો લાગે છે.

११ जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारिणं ।
ते हुंति टुंटमुंटा, बोही वि सुदुल्लहा तेसिं ॥७॥

બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા જેઓ બ્રહ્મચારીઓને પોતાને પગે પાડે છે (વંદન લે છે), તેઓ આવતા ભવમાં લૂલા-પાંગળા થાય છે અને તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ અત્યંત દુર્લભ થાય છે.

१२ दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ॥८॥

સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો સર્વથા ભ્રષ્ટ છે, કારણકે દર્શનભ્રષ્ટનો મોક્ષ થતો નથી. (દ્રવ્ય)ચારિત્રથી રહિત હોય તે સિદ્ધ થાય છે, પણ સમ્યક્ત્વથી રહિત જીવો સિદ્ધ થતા નથી.

१३ तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेई ।
आणाई अइक्कंतो, सो कापुरिसो न सप्पुरिसो ॥९॥

તે આચાર્ય તીર્થંકર સમાન છે, કે જે જિનવચનને સમ્યક્ રીતે ઉપદેશે છે. જે જિનાજ્ઞાને લોપે છે, તે કુત્સિત પુરુષ છે, સત્પુરુષ (સાધુ) નથી.

१४ जह लोहसिला अप्पं पि, बोलए तह विलग्गपुरिसं पि ।
इय सारंभो य गुरू, परमप्पाणं च बोलेई ॥१०॥

જેમ લોખંડની શિલા પોતે ડૂબે છે અને તેને વળગેલા મનુષ્યને પણ ડૂબાડે છે, તેમ આરંભયુક્ત ગુરુઓ બીજાને અને પોતાને સંસારમાં ડૂબાડે છે.

१५ किइकम्मं च पसंसा, सुहसीलजणंमि कम्मबंधाय ।
जे जे पमायठाणा, ते ते उववूहिया हुंति ॥११॥

સુખશીલિયા ગુરુને વંદન અને પ્રશંસા કરવાથી કર્મબંધ થાય છે. તેઓ જે જે પ્રમાદ સેવતા હોય તેની અનુમોદના થાય છે...

१६ एवं णाऊण संसग्गिं, दंसणालावसंथवं ।
संवासं च हियाकंखी, सव्वोवाएहि वज्जए ॥१२॥

એ પ્રમાણે સમજીને હિતેચ્છુએ સુખશીલ ગુરુઓનો સંસર્ગ, તેમનું દર્શન, તેમની સાથે વાર્તાલાપ, તેમની સ્તુતિ અને તેમનો સહવાસ વગેરે સર્વ રીતે તજવા જોઈએ.

२० वरमग्गिंमि पवेसो, वरं विसुद्धेण कम्मुणा मरणं ।
मा गहियव्वयभंगो, मा जीअं खलिअसीलस्स ॥१३॥

અગ્નિમાં પ્રવેશ કરવો સારો, વિશુદ્ધકર્મ કરીને મરવું સારું, પરંતુ લીધેલા વ્રતનો ભંગ કરવો કે શીલથી ભ્રષ્ટ થઈને જીવવું સારું નથી.

२१ अरिहं देवो गुरूणो, सुसाहुणो जिणमयं मह पमाणं ।
इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरूणो ॥१४॥

અરિહંત તે દેવ, સુસાધુઓ તે ગુરુઓ અને જિનમત (ધર્મ) તે મારે પ્રમાણ છે - ઈત્યાદિ શુભ ભાવને જગદ્‌ગુરુ શ્રી તીર્થંકરદેવો સમ્યક્ત્વ કહે છે.

२२ लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।
एगं नवरि न लब्भइ, दुल्लहरयणं व सम्मत्तं ॥१५॥

દેવોનું સ્વામીપણું અને પ્રભુતા પણ મળી શકે છે, તેમાં શંકા નથી, પણ દુર્લભ રત્ન જેવું સમ્યક્ત્વ મળતું નથી.

२३ सम्मत्तंमि उ लद्धे, विमाणवज्जं न बंधए आउं ।
जइवि न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥१६॥

સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો જીવે પાછું તેને વમી નાંખ્યું ન હોય કે સમ્યક્ત્વ પ્રાપ્તિની પૂર્વે કોઈ અન્ય ગતિનું આયુષ્ય ન બાંધ્યું હોય તો મનુષ્ય વૈમાનિકદેવ સિવાય અન્ય આયુષ્ય બાંધતો નથી.

२४ दिवसे दिवसे लक्खं, देइ सुवन्नस्स खंडियं एगो ।
एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥१७॥

એક પુરુષ દરરોજ લાખ ખાંડી જેટલું સુવર્ણ દાનમાં આપે અને બીજો સામાયિક કરે, એ બેમાં સોનાનું દાન કરનારો સામાયિક કરનારને પહોંચી શકતો નથી. અર્થાત્ સામાયિકનું ફળ ઘણું વધારે છે.

२५ निंदपसंसासु समो, समो य माणावमाणकारीसु ।
समसयणपरियणमणो, सामाइयसंगओ जीवो ॥१८॥

નિંદા કે પ્રશંસામાં, માન કે અપમાનમાં તથા સ્વજન કે પરજનમાં જેનું મન સમાન છે, તેવો જીવ સામાયિકથી યુક્ત છે.

३४ कत्थ अम्हारिसा पाणी, दूस्समादोसदूसिआ ।
हा अणाहा कहं हुंता, न हुंतो जइ जिणागमो ॥१९॥

દુઃષમકાલના દોષથી દૂષિત (વક્ર અને જડ) અમારા જેવા અનાથ જીવોનું જો જિનાગમ ન હોત તો શું થાત ? (ભારે પાપી થાત.)

३५ आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणा ।
तित्थनाहो गुरू धम्मो, सव्वे ते बहुमन्निया ॥२०॥

આત્માનું હિત ઈચ્છનારે આગમને આચરવાથી શ્રી તીર્થંકરદેવ, ગુરુ અને ધર્મ એ સર્વનું બહુમાન કર્યું ગણાય છે.

~~ સંઘ ~~

३६ सुहसीलाओ सच्छंदचारिणो, वेरिणो सिवपहस्स ।
आणाभट्ठाओ बहुजणाओ, मा भणह संघु त्ति ॥२१॥

સુખશીલ, સ્વચ્છંદી, મોક્ષમાર્ગના વેરી અને જિનાજ્ઞા-ભંજક એવા ઘણા લોકોનો સમૂહ હોય તો પણ તેને 'શ્રીસંઘ' ન કહેવો.

३७ एगो साहू एगा य, साहुणी सावओ वि सड्ढी वा ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥२२॥

જિનાજ્ઞાપાલક એવા એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક જ શ્રાવિકા હોય તો પણ તે સંઘ છે. બાકીનો સમૂહ તો હાડકાંનો સમૂહ જાણવો.

३८ निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।
तित्थयराण य पुज्जो, वुच्चइ एयारिसो संघो ॥२३॥

તથા નિર્મળ એટલે સમ્યગ્ એવા જ્ઞાનની જ્યાં (જેના જીવનમાં) પ્રધાનતા છે, જે સમ્યગ્દર્શનથી યુક્ત છે અને જે સમ્યક્ચારિત્ર ગુણવાળો છે, એવો 'શ્રીસંઘ' તે શ્રી તીર્થંકરોને પણ પૂજ્ય છે.

~~ જિનાજ્ઞા ~~

३९ जह तुसखंडणमयमंडणाइं, रुण्णाइं सुन्नरन्नंमि ।
विहलाइं तह जाणसु, आणारहियं अणुट्ठाणं ॥२४॥

જેમ ફોતરાંને ખાંડવા, મડદાને શણગારવું અને શૂન્ય અરણ્યમાં એકલા રડવું નિષ્ફળ છે, તેમ જિનાજ્ઞા રહિત અનુષ્ઠાન પણ નિષ્ફળ છે.

४० आणाइ तवो आणाइ, संजमो तह य दाणमाणाए ।
आणारहिओ धम्मो, पलालपुल्लू व पडिहाइ ॥२५॥

જિનાજ્ઞાનુસારી તપ, સંયમ અને દાન જ ધર્મરૂપ છે. આજ્ઞાવિરુદ્ધનો ધર્મ તો ઘાસના પૂળા જેવો અસાર છે.

४१ आणाखंडणकारी, जइ वि तिकालं महाविभूईए ।
पूएइ वीयरायं, सव्वं पि निरत्थयं तस्स ॥२६॥

શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરવાવાળો જીવ ઘણા આડંબરથી ત્રણેય કાળ વીતરાગ દેવની પૂજા કરે, તો પણ તે સર્વ નિરર્થક છે.

૪૨ रन्नो आणाभंगे, इक्कु च्चिय होइ निग्गहो लोए ।
सव्वन्नुआणभंगे, अणंतसो निग्गहो होइ ॥२७॥

રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી આ લોકમાં એક જ વાર સજા થાય છે, પરંતુ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કરવાથી અનંતી વાર દુર્ગતિની સજા થાય છે.

૪૩ जह भोयणमविहिकयं, विणासए विहिकयं जियावेइ ।
तह अविहिकओ धम्मो, देइ भवं विहिकओ मुक्खं ॥२८॥

જેમ અવિધિથી કરેલું ભોજન શરીરનો વિનાશ કરે છે અને વિધિથી કરેલું ભોજન પુષ્ટિ કરે છે, તેમ અવિધિથી કરેલો ધર્મ સંસારમાં રખડાવે છે અને વિધિથી કરેલો ધર્મ મોક્ષને આપે છે.

~~ ગચ્છવાસ ~~

૪૭ जत्थ य अज्जालद्धं, पडिग्गहमाई य विविहमुवगरणं ।
पडिभुंजइ साहूहिं, तं गोयम ! केरिसं गच्छं ? ॥२९॥

જે ગચ્છમાં સાધુઓ સાધ્વીએ વહોરેલા વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણો વાપરે છે; હે ગૌતમ ! તે ગચ્છ કેવો ? અર્થાત્ તેને ગચ્છ કહેવાય જ નહીં.

૪૮ जहिं नत्थि सारणा वारणा य,
पडिचोयणा य गच्छंमि ।
सो य अगच्छो गच्छो,
संजमकामीहिं मुत्तव्वो ॥३०॥

તથા જે ગચ્છમાં સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા કરવામાં આવતી નથી, તે ગચ્છ ખરો ગચ્છ નથી. સંયમના અર્થી સાધુએ તેને છોડી દેવો.

૫૪ जत्थ य अज्जाहिं समं, थेरा वि न उल्लवंति गयदसणा ।
न य झायंतित्थीणं, अंगोवंगाइ तं गच्छं ॥३१॥

જે ગચ્છમાં જેના દાંત પણ પડી ગયા હોય તેવા ઘરડા સાધુ પણ સાધ્વીની સાથે વાત કરતા નથી અને સ્ત્રીઓના અંગોપાંગ વગેરે જોતા નથી, તે ગચ્છ છે.

~~ બ્રહ્મચર્ય ~~

૫૫ वज्जेइ अप्पमत्तो, अज्जासंसग्गिं अग्गिविससरिसिं ।
अज्जाणुचरो साहू, लहइ अकित्तिं खु अचिरेणं ॥३२॥

સાધુએ અગ્નિ અને ઝેરના સંસર્ગ જેવો સાધ્વીનો સંસર્ગ અપ્રમત્ત થઈને તજવો. સાધ્વીનો પરિચય કરનાર સાધુ અલ્પકાળમાં જ અપયશને પામે છે.

૫૬ जो देइ कणयकोडिं, अहवा कारेइ कणयजिणभवणं ।
तस्स न तत्तिय पुन्नं, जत्तिय बंभव्वए धरिए ॥३३॥

જે કોઈ મનુષ્ય ક્રોડો સુવર્ણ દાનમાં આપે, અથવા સોનાનું જિનમંદિર કરાવે, તેને તેટલું પુણ્ય ન થાય કે, જેટલું બ્રહ્મચર્યવ્રત ધારણ કરવાથી થાય છે.

૫૭ सीलं कुलआहरणं, सीलं रूवं च उत्तमं होइ ।
सीलं चिय पंडित्तं, सीलं चिय निरुवमं धम्मं ॥३४॥

શીયળ (બ્રહ્મચર્ય) એ કુળવાન્નું (કુળનું) આભરણ છે. શીયળ જ ઉત્તમ રૂપ છે, શીયળ જ સાચું પાંડિત્ય છે અને શીયળ જ નિરુપમ ધર્મ છે.

~~ કુસંગ ~~

૫૮ वरं वाही वरं मच्चू, वरं दारिद्दसंगमो ।
वरं अरण्णवासो अ, मा कुमित्ताण संगमो ॥३५॥

વ્યાધિ, મૃત્યુ કે દરિદ્રતાનો સંગમ સારો; જંગલમાં વાસ કરવો સારો, પરંતુ કુમિત્રની સંગતિ સારી નહીં.

૫૯ अगीयत्थकुसीलेहिं, संगं तिविहेण वोसिरे ।
मुक्खमग्गंमिमे विग्घं, पहंमि तेणगे जहा ॥३६॥

અગીતાર્થ અને કુશીલિયા સાધુનો સંગ ત્રિવિધે કરીને તજી દેવો. મુસાફરીમાં ચોરની જેમ તેઓ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા છે.

૬૦ उम्मग्गदेसणाए, चरणं नासंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु, न हु लब्भा तारिसं दट्ठुं ॥३७॥

ઉન્માર્ગની દેશના દેવાથી નિશ્ચયે નાશ પામ્યું છે સમકિત જેઓનું એવા સાધુઓ શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા ચારિત્રનો નાશ કરે છે, માટે તેવાઓનું દર્શન પણ કરવું યોગ્ય નથી.

૬૧ परिवारपूअहेऊ, ओसन्नाणं च आणुवित्तीए ।
चरणकरणं निगूहई, तं दुल्लहबोहिअं जाण ॥३८॥

શિષ્યપરિવારના લોભથી, માન-સન્માન મેળવવા માટે કે શિથિલાચારીને અનુસરવા માટે જે પોતાના મૂળગુણ-ઉત્તરગુણ રૂપ ચારિત્રને ગૌણ-દૂષિત કરે છે, તે સાધુને દુર્લભબોધિ સમજવો.

૬૨ अंबस्स य निंबस्स य, दुण्हंपि समागयाइं मूलाइं ।
संसग्गेण विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥३९॥

આંબાના અને લીમડાનાં, બંનેનાં મૂળ જમીનમાં એકઠા થયા, તેમાં લીમડાના સંસર્ગથી વિનષ્ટ થયેલો આંબો લીમડાપણાને પામ્યો.

૬૩ पक्कणकुले वसंतो, सउणीपारो वि गरहिओ होई ।
इय दंसणा सुविहिआ, मज्झि वसंता कुसीलाणं ॥४०॥

ચંડાળના કુળને વિષે વસનારો બ્રાહ્મણ પણ નિંદાનું પાત્ર થાય છે, એ રીતે સુવિહિત સમકિતી મુનિ પણ કુશીલિયાની ભેગા રહેવાથી નિંદા પામે છે.

૯૮ असुइट्ठाणे पडिआ, चंपकमाला न कीरइ सीसे ।
पासत्थाइठाणेसु, वट्टमाणो तह अपूज्जो ॥४१॥

અપવિત્ર જગ્યામાં પડેલી ચંપાના પુષ્પોની માળા પણ જેમ મસ્તકે ચઢાવવા યોગ્ય નથી, તેમ પાસત્થાદિ કુસાધુઓની સાથે રહેતો એવો ઉત્તમ મુનિ પણ પૂજવા યોગ્ય નથી.

૬૪ उत्तमजणसंसग्गी, सीलदरिद्दं पि कुणई सीलड्ढं ।
जह मेरुगिरिविलग्गं, तणं पि कणगत्तणमुवेई ॥४२॥

જેમ મેરુપર્વત ઉપર ઊગેલું તૃણ પણ સુવર્ણપણાને પામે છે, તેમ ઉત્તમ જનની સંગતિ સદાચારથી રહિત પુરુષને પણ સદાચારી બનાવે છે.

૬૭ जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तव्वुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥४३॥

જયણા ધર્મની માતા છે, જયણા ધર્મનું પાલન કરનારી છે, જયણા ધર્મની વૃદ્ધિ કરનારી છે અને જયણા એકાંત સુખને આપનારી છે.

~~ કષાય ~~

૬૮ जं अज्जिअं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।
तं पि हु कसायमित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥४४॥

દેશોન પૂર્વક્રોડ વર્ષો સુધી મહેનત કરીને જે ચારિત્રગુણ ઉપાર્જન કર્યો હોય, તેને કષાયને વશ થયેલ મનુષ્ય એક મુહૂર્તમાં જ હારી જાય છે.

૬૯ कोहो पीइं पणासेई, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥४५॥

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.

૭૦ खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥४६॥

ક્ષમા સુખોનું મૂળ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ એવી ક્ષમા છે. મહાવિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુઃખોનું હરણ કરે છે.

૭૧ सयं गेहं परिचज्ज, परगेहं च वावडे ।
निमित्तेण य ववहरई, पावसमणु त्ति वुच्चई ॥४७॥

જે પોતાના ઘરનો ત્યાગ કરીને બીજાના ઘરની ચિંતા કરે છે અને નિમિત્ત (ભૂત-ભવિષ્ય) કહીને જીવે છે, તે પાપશ્રમણ કહેવાય છે.

૭૨ दुद्धदहीविगईओ, आहारेई अभिक्खणं ।
न करेई तवोकम्मं, पावसमणु त्ति वुच्चई ॥४८॥

વળી, દૂધ-દહીં વગેરે વિગઈઓને જે નિષ્કારણ વારંવાર વાપરે અને તપ ન કરે, તેને પાપશ્રમણ કહેવાય છે.

૭૪ जइ चउदसपुव्वधरो, वसइ निगोएसुऽणंतयं कालं ।
निद्दापमायवसओ, ता होहिसि कह तुमं जीव ! ? ॥४९॥

જો એક નિદ્રારૂપ પ્રમાદના વશથી ચૌદ પૂર્વધર જેવા પણ નિગોદમાં અનંતો કાળ રહે છે, તો હે જીવ ! તારું શું થશે ?

૭૫ हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥५०॥

ક્રિયાહીન જ્ઞાન નિષ્ફળ છે અને અજ્ઞાનપણાથી કરેલી ક્રિયા પણ નિષ્ફળ છે. દેખતો પાંગળો અને દોડતો આંધળો - બંને દાવાનળમાં બળી ગયા.

૭૬ संजोगसिद्धीइ फलं वयंति,
न हु एगचक्केण रहो पयाई ।
अंधो य पंगू य वणे समिच्चा,
ते संपउत्ता नगरं पविट्ठा ॥५१॥

જ્ઞાનીઓ જ્ઞાન અને ક્રિયાના સંયોગથી કાર્યની સિદ્ધિ માને છે. કારણકે રથ એક પૈડે કરીને ચાલતો નથી. આંધળો અને પાંગળો વનને વિષે પરસ્પર સહાયક બન્યા તો નગરમાં પહોંચ્યા. (અર્થાત્ આંધળાએ પાંગળાને ઉપાડ્યો અને પાંગળાએ આંધળાને રસ્તો સમજાવ્યો, એમ બંને દાવાનળથી બચ્યા.)

૭૭ सुबहुं पि सुअमहीअं, किं काही चरणविप्पहीणस्स ? ।
अंधस्स जह पलित्ता, दीवसयसहस्सकोडीओ ॥५२॥

જેમ સળગાવેલા ક્રોડો દીવાઓ પણ અંધને કાંઈ પ્રકાશ આપી શકતા નથી, તેમ ચારિત્રથી રહિત આત્માને ઘણું ભણેલું જ્ઞાન પણ કંઈ લાભ કરી શકતું નથી.

૭૮ अप्पं पि सुअमहीअं, पयासगं होई चरणजुत्तस्स ।
इक्को वि जह पईवो, सचक्खुअस्स पयासेई ॥५३॥

જેમ દેખતા મનુષ્યને માત્ર એક દીપક પણ પ્રકાશ આપે છે, તેમ ચારિત્રયુક્ત પુરુષનો થોડો પણ શ્રુતાભ્યાસ પ્રકાશ કરે છે.

૮૯ जहा खरो चंदणभारवाही,
भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो,
भारस्स भागी न हु सुग्गईए ॥५४॥

ચંદનનાં લાકડાંને ઉપાડનારો ગધેડો માત્ર ભાર ઉપાડે છે, તેની સુગંધ-શીતળતાનો આનંદ લઈ શકતો નથી, તેમ ચારિત્ર વિનાનો પુરુષ જ્ઞાન યાદ રાખવાનો ભાર ઊંચકે છે, પણ સદ્ગતિ પામતો નથી.

૯૦ आजम्मं जं पावं, बंधइ मिच्छत्तसंजुओ कोई ।
वयभंगं काउमणो, बंधइ तं चेव अट्ठगुणं ॥५५॥

કોઈ મિથ્યાત્વી જીવ જન્મથી આરંભીને મરણ પર્યંત જેટલું પાપ બાંધે છે, તે કરતાં આઠગણું પાપ વ્રતભંગ કરવાની ઈચ્છા કરનાર સાધુ બાંધે છે.

૯૧ सयसहस्साण नारीणं, पिट्टं फाडेइ निग्घिणो ।
सत्तट्ठमासिए गब्भे, तप्फडंते निकंतइ ॥५६॥

નિર્દયતાથી એક લાખ ગર્ભવતી સ્ત્રીઓનાં પેટ ફાડનારો નિર્દય મનુષ્ય તેમાંથી નીકળેલા તે સાત-આઠ મહિનાના તરફડતા ગર્ભોનો નાશ કરે...

९२ तं तस्स जत्तियं पावं, तं नवगुणियमेलियं हुज्जा ।
एगित्थियजोगेणं, साहू बंधिज्ज मेहूणाओ ॥५७॥

તેનું તેને જેટલું પાપ લાગે તેને નવગણું કરીને તેની સાથે મેળવતાં (અર્થાત્ દશગણું) જેટલું થાય, તેટલું પાપ એક સ્ત્રીના સંયોગથી મૈથુન દ્વારા સાધુ બાંધે.

९३ अक्खंडियचारित्तो, वयधारी जो व होइ गिहत्थो ।
तस्स सगासे दंसण-वयगहणं सोहिकारणं च ॥५८॥

અખંડ ચારિત્રવંત (ગીતાર્થ) ગુરુ, અથવા તેવા ગુરુનો યોગ ન મળે તો વ્રતધારી (તથા શાસ્ત્રોનો જાણકાર એવો જે) ગૃહસ્થ હોય, તેની સમીપે સમકિત તથા વ્રત વગેરે અને પ્રાયશ્ચિત્ત અંગીકાર કરવું.

~~ જ્ઞાન ~~

९९ छट्ठट्ठमदसमदुवालसेहिं, मासद्धमासखमणेहिं ।
इत्तो उ अणेगगुणा, सोही जिमियस्स नाणिस्स ॥५९॥

છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ અને માસખમણ જેવો તપ કરવાથી (અજ્ઞાનીને) જે નિર્જરા થાય છે, તેથી અનેકગણી નિર્જરા (શુદ્ધિ) વાપરવા છતાં જ્ઞાનીને થાય છે.

१०० जं अन्नाणी कम्मं, खवेइ बहुआहि वासकोडीहिं ।
तन्नाणी तिहिं गुत्तो, खवेइ उस्सासमित्तेणं ॥६०॥

કરોડો વર્ષોમાં અજ્ઞાની જેટલાં કર્મોને ખપાવે છે, તેટલાં કર્મોને મન-વચન અને કાયાને વશ કરી ત્રણ ગુપ્તિને પાળનારો જ્ઞાની માત્ર એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે.

~~ દેવદ્રવ્ય ~~

૧૦૧ जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥६१॥

જૈન શાસનની ઉન્નતિ કરનારા અને જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ ગુણોની પ્રભાવના કરનારા દેવદ્રવ્યનું રક્ષણ કરનારો જીવ તીર્થંકરપણું પામે છે.

૧૦૨ जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होई ॥६२॥

જૈન શાસનની વૃદ્ધિ કરનારા અને જ્ઞાનાદિ ગુણોની પ્રભાવના કરનારા દેવદ્રવ્યનું ભક્ષણ કરનારો જીવ અનંતસંસારી થાય છે.

૧૦૩ भक्खेइ जो उवेक्खेइ, जिणदव्वं तु सावओ ।
पन्नाहीणो भवे जीवो, लिप्पइ पावकम्मुणा ॥६३॥

જે શ્રાવક દેવદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા તેનો નાશ થતો હોય ત્યારે ઉપેક્ષા કરે, તો તે જીવ પ્રજ્ઞા(બુદ્ધિ)હીન થાય અને પાપકર્મોથી લેપાય, ઘણાં દુષ્ટ કર્મોને બાંધે.

१०४ चेइअदव्वविणासे, इसिघाए पवयणस्स उड्डाहे ।
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥६४॥

દેવદ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિનો ઘાત કરવાથી, જૈનશાસનની હીલના કરવાથી, અને સાધ્વીના ચતુર્થ વ્રતનો ભંગ કરવાથી સમ્યક્ત્વ મૂળથી જ નાશ પામે છે.

१०६ तित्थयरत्तं सम्मत्त-खाइयं सत्तमीए तईयाए ।
साहूण वंदणेणं, बद्धं च दसारसीहेणं ॥६५॥

૧૮૦૦૦ સાધુઓને વિધિપૂર્વક વંદન કરવાથી શ્રીકૃષ્ણ વાસુદેવે તીર્થંકરપણું, ક્ષાયિક સમકિત અને સાતમી નરકના બદલે ત્રીજીના આયુષ્યનો બંધ, એ ત્રણ લાભો મેળવ્યા.

१०८ अणथोवं वणथोवं, अग्गीथोवं च कसायथोवं च ।
न हु भे विससिअव्वं, थोवं पि हु तं बहु होई ॥६६॥

દેવું થોડું હોય, ઘા નાનો હોય, અગ્નિ થોડો હોય અને કષાય થોડો હોય તો પણ હે જીવ ! તેનો વિશ્વાસ ન કરવો, કેમ કે તે અલ્પ હોય છે તો પણ (ઝડપથી) વધી જાય છે.

११८ सव्वो पुव्वकयाणं, कम्माणं पावए फलविवागं ।
अवराहेसु गुणेसु अ, निमित्तमित्तं परो होइ ॥६७॥

સર્વ જીવો પૂર્વભવે કરેલાં કર્મોનાં જ ફળ ભોગવે છે, અપરાધોમાં અને ગુણોમાં (દુઃખ-સુખમાં) બીજો તો નિમિત્તમાત્ર જ હોય છે.

१२४ धन्नाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धन्ना ।
विहिबहुमाणा धन्ना, विहिपक्खअदूसगा धन्ना ॥६८॥

ધન્ય પુરુષોને જ વિધિ મળે છે. સદા વિધિના આરાધકો ધન્ય છે. વિધિ પર બહુમાન રાખનારા ધન્ય છે અને વિધિનું ખંડન ન કરનારા પણ ધન્ય છે.

## ~~ पञ्चसूत्र-प्रथम-पापप्रतिघात-गुणबीजाधानसूत्रम् ~~

### ~~ મંગલ ~~

णमो वीयरागाणं सव्वण्णूणं देविंदपूइयाणं जहट्ठियवत्थुवाईणं तेलोक्कगुरुणं अरुहंताणं भगवंताणं ।

વીતરાગ, સર્વજ્ઞ, દેવેન્દ્રોથી પૂજાયેલા, યથાવસ્થિતવસ્તુવાદી, ત્રણ લોકના ગુરુ, અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ.

### ~~ અરિહંતોનો ઉપદેશ ~~

जे एवमाइक्खंति - इह खलु अणाइ जीवे, अणाइ जीवस्स भवे, अणाइ कम्मसंजोगणिव्वत्तिए, दुक्खरूवे, दुक्खफले, दुक्खाणुबंधे ।

જે (અરિહંત ભગવંતો) આ પ્રમાણે કહે છે કે આ વિશ્વમાં જીવ અનાદિ છે, જીવનો સંસાર અનાદિ છે, અનાદિ એવા કર્મસંયોગથી થયેલ છે, દુઃખરૂપ છે, દુઃખરૂપ ફળવાળો છે, દુઃખની પરંપરાવાળો છે.

एयस्स णं वोच्छित्ती सुद्धधम्माओ, सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ, पावकम्मविगमो तहाभव्वत्ताइभावाओ ।

આ (સંસાર)નો નાશ શુદ્ધ ધર્મથી થાય છે. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના નાશથી થાય છે, પાપકર્મનો નાશ તથાભવ્યત્વ વગેરેથી થાય છે.

तस्स पुण विवागसाहणाणि - चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाण सेवणं । अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं, भुज्जो भुज्जो संकिलेसे, तिकालमसंकिलेसे ॥

તેનો (તથાભવ્યત્વનો) પરિપાક કરનારા સાધનો (૧) ચાર શરણાનો સ્વીકાર, (૨) દુષ્કૃતગર્હા, (૩) સુકૃતોનું સેવન (અનુમોદના) છે. તેથી મોક્ષાભિલાષીએ પ્રણિધાનપૂર્વક, સંક્લેશ હોય તો વારંવાર અને નહીં તો દિવસમાં ત્રણ વાર તે ત્રણે કરવા જોઈએ.

~ અરિહંતોનું શરણ ~

जावज्जीवं मे भगवंतो परमतिलोगणाहा, अणुत्तर-पुण्णसंभारा, खीणरागदोसमोहा अचिंतचिंतामणी भव-जलहिपोया, एगंतसरण्णा अरहंता सरणं ।

ત્રણ લોકના સર્વશ્રેષ્ઠ નાથ, અનુત્તર પુણ્યના નિધાન, જેમના રાગ-દ્વેષ-મોહ ક્ષીણ થઈ ગયા છે તેવા, અચિંત્ય ચિંતામણિ,

ભવસમુદ્રમાં જહાજ સમાન, એકાંતે શરણ કરવા યોગ્ય અરિહંતોનું મને યાવજ્જીવ શરણ હો.

~~ સિદ્ધોનું શરણ ~~

तहा पहीणजरमरणा, अवेयकम्मकलंका, पणट्ठ-वाबाहा, केवलनाणदंसणा, सिद्धिपुरनिवासी, णिरुवमसुह-संगया, सव्वहा कयकिच्चा सिद्धा सरणं ।

વળી જેઓના જરા-મરણ સંપૂર્ણ નાશ પામ્યા છે, કર્મના કલંક દૂર થઈ ગયા છે, સર્વ પીડાઓ નાશ પામી છે, કેવળજ્ઞાન-કેવલદર્શનને ધારણ કરનારા, મોક્ષનગરના નિવાસી, અનુપમ સુખથી યુક્ત, સર્વથા કૃતકૃત્ય એવા સિદ્ધભગવંતોનું મને શરણ હો.

~~ સાધુનું શરણ ~~

तहा पसंतगंभीरासया, सावज्जजोगविरया, पंच-विहायारजाणगा, परोवयारनिरया, पउमाइणिदंसणा, झाण-ज्झयणसंगया, विसुज्झमाणभावा साहू सरणं ।

તથા પ્રશાંત અને ગંભીર આશયવાળા (ચિત્તના પરિણામ-વાળા), સાવદ્ય યોગથી અટકેલા, પાંચ પ્રકારના આચારને જાણનારા, પરોપકારમાં રક્ત, કમળ વગેરેની ઉપમાવાળા, ધ્યાન-અધ્યયનથી યુક્ત, વધુ ને વધુ વિશુદ્ધ થતા ભાવવાળા સાધુનું મને શરણ હો.

~~ ધર્મનું શરણ ~~

तहा सुरासुरमणुयपूइओ, मोहतिमिरंसुमाली, राग-द्दोसविसपरममंतो, हेऊ सयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं ।

વળી, સુર-અસુર-મનુષ્યોથી પૂજિત, મોહરૂપી અંધકારને (નાશ કરવા) માટે સૂર્યસમાન, રાગ-દ્વેષરૂપી ઝેરનો નાશ કરવા માટે શ્રેષ્ઠ મંત્ર સમાન, સઘળા કલ્યાણોનું કારણ, કર્મવનને બાળવા અગ્નિસમાન, સિદ્ધપણા(મુક્તિ)ના સાધક એવા કેવલજ્ઞાનીઓએ પ્રરૂપેલા ધર્મનું યાવજ્જીવ મને (હે ભગવન્ !) શરણ હો.

सरणमुवगओ य एएसिं, गरिहामि दुक्कडं - जण्णं अरिहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा, उवज्झाएसु वा, साहूसु वा, साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु, माण-णिज्जेसु, पूयणिज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बंधूसु वा, मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु, मग्ग-ट्ठिएसु, अमग्गट्ठिएसु, मग्गसाहणेसु, अमग्गसाहणेसु, जं किंचि वितहमायरियं, अणायरियव्वं, अणिच्छियव्वं पावं पावाणुबंधि, सुहुमं वा, बायरं वा, मणेणं वा, वायाए वा, काएणं वा, कयं वा, कारावियं वा, अणुमोइयं वा, रागेण

**वा, दोसेण वा, मोहेण वा, इत्थ वा जम्मे, जम्मंतरेसु वा, गरहियमेयं, दुक्कडमेयं, उज्झियव्वमेयं, वियाणिअं मए कल्लाणमित्तगुरुभयवंतवयणाओ, एवमेयं ति रोइयं सद्धाए, अरिहंतसिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेयं उज्झि-अव्वमेयं । इत्थ मिच्छा मि दुक्कडं, मिच्छा मि दुक्कडं, मिच्छा मि दुक्कडं ।**

તેમના (ચારેના) શરણને પામેલો હું દુષ્કૃતની ગર્હા કરું છું.

જે કાંઈ મેં અરિહંત ભગવંતોને વિષે, સિદ્ધભગવંતોને વિષે, આચાર્ય ભગવંતોને વિષે, ઉપાધ્યાય ભગવંતોને વિષે, સાધુ ભગવંતોને વિષે, સાધ્વીજી ભગવંતોને વિષે, અન્ય ધર્મીઓને વિષે, માનનીયોને વિષે, પૂજનીયોને વિષે તથા માતાને વિષે, પિતાને વિષે, બંધુઓને વિષે, મિત્રોને વિષે, ઉપકારીઓને વિષે, સામાન્યથી જીવોને વિષે, મોક્ષમાર્ગમાં રહેલાં જીવોને વિષે તથા મોક્ષમાર્ગમાં નહીં રહેલા જીવોને વિષે, મોક્ષમાર્ગના સાધનો (જિનમૂર્તિ, જિનમંદિર, પુસ્તકો, ચારિત્રના ઉપકરણ વગેરે)ને વિષે અને મોક્ષમાર્ગના સાધનો ન હોય તેવી વસ્તુ વિષે; આ જન્મમાં કે જન્માંતરમાં; રાગથી, દ્વેષથી કે મોહથી; જે કાંઈ વિપરીત, ન આચરવા યોગ્ય, ન ઇચ્છવા યોગ્ય, પાપ સ્વરૂપ, પાપાનુબંધી આચર્યું હોય; સૂક્ષ્મ કે સ્થૂલ, મનથી, વચનથી કે કાયાથી, કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય; તે નિંદનીય છે, દુષ્કૃત

છે, છોડવા યોગ્ય છે; એવું કલ્યાણમિત્ર ગુરુ ભગવંતના વચનથી મેં જાણ્યું છે, શ્રદ્ધાપૂર્વક તે મેં સ્વીકાર્યું છે; અરિહંત-સિદ્ધ સમક્ષ હું એની ગર્હા કરું છું. એ દુષ્કૃત છે, એ છોડવા યોગ્ય છે, આ દુષ્કૃત વિષે મારા મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્.

~~ પ્રાર્થના ~~

होउ मे एसा सम्मं गरहा । होउ मे अकरणनियमो । बहुमयं ममेयं ति । इच्छामो अणुसट्ठिं अरहंताणं भगवंताणं, गुरुणं कल्लाणमित्ताणं ति ।

મારી દુષ્કૃતગર્હા સમ્યગ્ થાઓ, મને તેના અકરણનો નિયમ થાઓ, આ બંને (દુષ્કૃતગર્હા તથા અકરણનિયમ) મને બહુમાન્ય છે. હું અરિહંત ભગવંતોની તથા કલ્યાણમિત્ર એવા ગુરુભગવંતોની હિતશિક્ષાને ઇચ્છું છું.

होउ मे एएहिं संजोगो, होउ मे एसा सुपत्थणा, होउ मे एत्थ बहुमाणो, होउ मे इओ मोक्खबीयं ।

મારો એમની (અરિહંત તથા ગુરુભગવંતોની) સાથે સંયોગ થાઓ, એ મારી સુપ્રાર્થના થાઓ. મને આ પ્રાર્થના વિષે પણ બહુમાન થાઓ અને આ પ્રાર્થનાથી મોક્ષના બીજની પ્રાપ્તિ થાઓ.

पत्तेसु एएसु अहं सेवारिहे सिया, आणारिहे सिया, पडिवत्तिजुत्ते सिया, निरइयारपारगे सिया ।

(અરિહંત ભગવંતોની તથા ગુરુ ભગવંતોની) પ્રાપ્તિ થતાં હું તેઓની સેવાને યોગ્ય થાઉં, તેમની આજ્ઞાને યોગ્ય થાઉં. તેઓની આજ્ઞા સ્વીકારનારો થાઉં અને નિરતિચારપણે આજ્ઞાનું પાલન કરનારો થાઉં.

~~ સુકૃત અનુમોદના ~~

संविग्गो जहासत्तीए सेवेमि सुकडं । अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्त-प्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मोक्खसाहणजोगे, सव्वेसिं देवाणं, सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे ।

સંવેગને પામેલો હું શક્તિ મુજબ સુકૃતને સેવું છું (અનુમોદું છું). સર્વે અરિહંતોના (શાસનસ્થાપના વગેરે) અનુષ્ઠાનને, સર્વે સિદ્ધ ભગવંતોના સિદ્ધપણાને, સર્વે આચાર્યોના આચાર(પાલન)ને, સર્વે ઉપાધ્યાયોના સૂત્રપ્રદાનને, સર્વે સાધુઓની સાધુક્રિયાને, સર્વે શ્રાવકોના મોક્ષસાધક યોગોને તથા સર્વ દેવોના તથા મોક્ષાભિલાષી અને હિતની ઇચ્છાવાળા સર્વે જીવોના માર્ગસાધક યોગોને (શુભ પ્રવૃત્તિને) અનુમોદું છું.

~~ પ્રાર્થના ~~

होउ मे एसा अणुमोयणा सम्मं विहिपुव्विआ, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरूवा, सम्मं निरईयारा परमगुण-जुत्तअरहंताइसामत्थओ ।

સર્વશ્રેષ્ઠ ગુણયુક્ત અરિહંતાદિના સામર્થ્યથી મારી આ અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વકની થાઓ, સમ્યગ્ શુદ્ધ આશયવાળી થાઓ, સમ્યગ્ સ્વીકારપૂર્વકની થાઓ ને સમ્યગ્ નિરતિચાર થાઓ.

अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीयरागा, सव्वण्णू, परमकल्लाणा, परमकल्लाणहेउ सत्ताणं ।

ખરેખર તે અરિહંતાદિ ભગવંતો અચિંત્ય શક્તિથી યુક્ત, વીતરાગ છે, સર્વજ્ઞ છે, શ્રેષ્ઠ કલ્યાણસ્વરૂપ છે, અને જીવોના કલ્યાણમાં શ્રેષ્ઠ કારણ છે.

मूढे अम्हि पावे अणाइमोहवासिए, अणभिण्णे भावओ, हियाहियाणं अभिण्णे सिया, अहिअनिवित्ते सिया, हियपवित्ते सिया, आराहगे सिया, उचियपडिवत्तिए सव्व-सत्ताणं सहियंति ।

इच्छामि सुकडं, इच्छामि सुकडं, इच्छामि सुकडं ।

હું તો મૂઢ છું, પાપી છું, અનાદિ મોહથી વાસિત છું, ભાવથી હિતાહિતને જાણતો નથી. હવે હું (હિતાહિતને) જાણનારો થાઉં, અહિતથી નિવૃત્ત થાઉં, હિતમાં પ્રવૃત્ત થાઉં, આરાધક થાઉં, સર્વ જીવો સાથે ઉચિત વ્યવહાર કરવા દ્વારા સ્વહિતનો સાધક થાઉં. સુકૃતને ઈચ્છું છું, સુકૃતને ઈચ્છું છું, સુકૃતને ઈચ્છું છું.

एवमेयं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेह-माणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्मा-णुबंधा, निरणुबंधे वा असुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं कडगबद्धे विअ विसे अप्पफले सिया, सुहावणिज्जे सिया, अपुणभावे सिया ।

આ પ્રમાણે આ સૂત્રને સમ્યગ્ બોલનારને, સાંભળનારને, અનુપ્રેક્ષા (ચિંતન) કરનારને, અશુભ કર્મના અનુબંધો શિથિલ (નબળા) થઈ જાય છે, ઘટે છે, ક્ષય પામે છે અને શુભ પરિણામથી જેનું સામર્થ્ય ભાંગી ગયું છે તેવા નિરનુબંધ થયેલા શેષ અશુભ કર્મો કટકબદ્ધ ઝેરના ડંખની[1] જેમ અલ્પ ફળવાળા થાય છે, તથા ફરીથી બંધાય નહીં તેવા થાય છે.

तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा, साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभाव-ज्जियं नियमफलयं, सुपउत्ते विव महागए सुहफले सिया, सुहपवत्तगे सिया परमसुहसाहगे सिया ।

૧. ડંખની ઉપરના ભાગમાં બાંધી દેવામાં આવે તો ઝેર ફેલાતું નથી.

તથા શુભ કર્મના અનુબંધો એકઠાં થાય છે, પુષ્ટ થાય છે તથા ઉત્કૃષ્ટ થાય છે. અને પ્રકૃષ્ટ ભાવથી ઉપાર્જિત થયેલું અનુબંધવાળું ઉત્કૃષ્ટ શુભ કર્મ નિયમા ફલને આપનાર થાય છે, સારી રીતે અપાયેલા ઔષધની જેમ શુભ ફળને આપનાર થાય છે, શુભ પ્રવૃત્તિ કરાવનાર થાય છે અને મોક્ષનું સાધક થાય છે.

**अओ अप्पडिबंधमेयं असुहभावनिरोहेणं सुहभाव-बीयं ति सुप्पणिहाणं सम्मं पढियव्वं सम्मं सोयव्वं सम्मं अणुपेहियव्वंति ।**

આથી આશંસા વિના, અશુભ ભાવથી રહિતપણે, શુભ ભાવનું બીજ છે એમ માનીને અત્યંત પ્રણિધાનપૂર્વક આ સૂત્ર સમ્યક્ બોલવું, સમ્યક્ સાંભળવું અને અનુપ્રેક્ષા કરવી.

**नमो नमियनमियाणं परमगुरुवीयरागाणं । नमो सेसनमुक्कारारिहाणं । जयउ सव्वण्णुसासणं । परमसंबोहीए सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा ।**

ઈન્દ્રાદિ વડે નમસ્કાર કરાયેલા ગણધર ભગવંતો જેને નમસ્કાર કરે છે, તે પરમગુરુ વીતરાગ અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. બીજા પણ નમસ્કારને યોગ્ય સહુને નમસ્કાર

થાઓ. સર્વજ્ઞનું શાસન જય પામો. નિર્મળ સમ્યક્ત્વથી જીવો સુખી થાઓ, જીવો સુખી થાઓ, જીવો સુખી થાઓ.

इइ पावपडिग्घायगुणबीजाहाणसुत्तं समत्तं ।